ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૯ અંક : ૨૨૧ તા.૨૦-૫-૨૦૨૩ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

બેંક શેરોમાં આકર્ષણ વધતું જાય છે

ખેલાડીઓનું આકર્ષણ **આઈસીઆઈસીઆઈ બેંક**ના શેર ઉપર

શુક્રવારે સવારે જોવાયેલા કરેકશન પછી બપોર પછીની સેશનમાં ઝડપી સુધારો જોવાયો હતો અને નવા અઠવાડિયા દરમ્યાન બજારનો મૂડ એકદમ તેજીમય રહે તે સંભાવના મજબૂત છે. ઘણા લાંબા સમય પછી ફરી એક વખત બેંક શેરોમાં આકર્ષણ વધતું જાય છે અને આ વખતે શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **આઈસીઆઈસીઆઈ બેંક**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે. ગયા અઠવાડિયે પણ આ શેર રૂા. ૯૨૬ના ભાવે લેવાની વાત કરી હતી અને તે પછી રૂા. ૯૪૪ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૯૫૫ અને તે પછીના ઉછાળે રૂા. ૯૬૬ના ભાવની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓ **કોટક બેંક**ના શેરમાં પણ સક્રિય થઈ ગયા છે. ગયા અંક વખતે પણ કોટક બેંકનો શેર પકડવાનું કહ્યું હતું અને વધીને રૂા. ૧૯૬૧ ઉપર આવેલા આ શેરમાં હવે આવતા થોડા દિવસો દરમ્યાન રૂા. ૨૦૦૨ના ભાવની સંભાવના મજબૂત છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

ઇન્ડસઈન્ડ બેંકનો શેર પણ અત્યારે મજબૂત અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. ઈન્ડસઈન્ડ બેંક અત્યારે રૂા. ૧૨૦૯ ઉપર ચાલે છે અને તેમાં હજી થોડા દિવસો ધીમો સુધારો જોવા મળે તે સંભાવના છે, અને તે પછી આ શેરમાં તેજી વધારે ઝડપી બનતી જશે. તેમ છતાં છએક અઠવાડિયામાં આ શેર રૂા. ૧૨૦૯થી ઊંચકાઈને રૂા. ૧૨૬૯નો ભાવ બતાવી દેશે તે નક્કી છે.

રૂા. ૬૭૧૪ વાળા **બજાજ ફિનાન્સ**ના શેરમાં પણ શોર્ટટર્મ ખેલાડીઓનું તેજીતરફી ધ્યાન છે અને આવતા થોડા દિવસોમાં જ આ શેરમાં રૂા. ૬૭૬૭ અને તે પછીના ઉછાળે રૂા. ૬૯૪૯નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

રૂા. ૧૪૨૩ વાળા **બજાજ ફિનસર્વ**માં પણ શોર્ટટર્મમા ંસુંદર ઉછાળાની જગ્યા દેખાય છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૪૬૪ના ભાવની ગણતરી છે. નાનું રોકાણ કરી દેવાય.

શોર્ટટર્મ ખેલાડીઓ **એપોલો હોસ્પિટલ**ના શેરમાં પણ એકદમ બુલીશ સેન્ટીમેન્ટ દર્શાવે છે. ગયા અંક વખતે રૂા. ૪૬૦૨ના ભાવે આ શેર લેવાની વાત કરી હતી, પરંતુ સામાન્ય સુધારા સાથે અત્યારે રૂા. ૪૬૦૫ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં ધીરે ધીરે રૂા. ૪૬૫૬ અને તે પછીના ઉછાળે રૂા. ૪૮૦૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓ **તાતા કન્ઝ્યુમર**માં પણ સક્રિય થયા છે. તાતા ગ્રૂપની આ કંપની મીઠાના ધંધામાં મોનોપોલી જેવી પોઝિશન ઉપર છે અને હવે મરી-મસાલાના ધંધામાં પણ આવી જ પોઝિશન ઊભી કરવાની ગણતરી છે. રૂા. ૭૮૯વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં જ રૂા. ૭૯૯ અને તે પછી રૂા. ૮૧૧ના ભાવની સંભાવના મજબૂત છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે **રિલાયન્સ**નો શેર હવે તેજીતરફી થઈ ગયો છે. રૂા. ૨૪૮૪વાળા રિલાયન્સમાં હજી તેજીનો શરૂઆતનો તબક્કો હોવાથી ઉછાળો એકદમ ધીમો રહેશે તેમ છતાં આવતા થોડા દિવસોમાં ધીમા સુધારા સાથે રૂા. ૨૪૯૬ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૫૩૫ના ભાવની સંભાવના છે અને તેથી હવે નિફ્ટીના આ ટોચના શેરમાં મંદીની ભૂલ ન કરતા.

ફાર્મા શેરોમાં **ડિવિસ લેબ**નો શેર અત્યારે રૂા.૩૩૧૫ ઉપર આવ્યો છે અને આ શેરમાં પણ આગામી દિવસોમાં મજબૂત ઉછાળા સાથે રૂા. ૩૩૮૩ અને તે પછીના ઉછાળે ધીરે ધીરે રૂા. ૩૪૫૪ના ભાવની સંભાવના મજબૂત છે. નાનું રોકાણ કરી શકાય.

એશિયન પેઈન્ટ્સના નબળા પરિણામ છતાં પણ આ શેર એકદમ ઝડપથી વધીને રૂા. ૩૧૩૧ ઉપર આવ્યો છે, પરંતુ એશિયન પેઈન્ટ્સમાં હવે નવા અઠવાડિયે પ્રોફિટ બુકિંગનો તબક્કો આવી જશે અને તેથી અત્યારના ભાવે રોકાણ વધારવાની સલાહ નથી. જૂનું રોકાણ હોય તો રૂા. ૩૧૭૧થી રૂા. ૩૨૨૨ વચ્ચેની રેન્જમાં પ્રોફિટ બુકિંગ શરૂ કરતા જજો.

નેસ્લેનો શેર પણ લાંબી તેજીમાં દાખલ થયો છે. ગયા અઠવાડિયે થોડા કરેકશન પછી રૂા. ૨૧૭૯૪ ઉપર આવેલા આ શેરમાં થોડા દિવસો કોન્સોલિડેશનનો ટ્રેન્ડ જોવાયા પછી નવી મજબૂત તેજી શરૂ થવાની જગ્યા છે. અને તે વખતે નેસ્લેના શેરમાં રૂા. ૨૨૫૨૨નો ભાવ જોવા મળી જવાની ગણતરી.

રૂા. ૫૬૧ ઉપરના **એચડીએફસી લાઈફ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. લાઈફ ઈન્સ્યોરન્સ સેક્ટર તરફનું નેગેટીવ સેન્ટીમેન્ટ હવે દૂર થઈ ગયું છે. માર્ચ મધ્યમાં રૂા. ૪૬૦નું બોટમ બતાવીને આ શેર અત્યારે રૂા. ૫૬૦ ઉપર આવી ગયો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં જ રૂા. ૫૯૯ના ભાવની ગણતરી છે. રોકાણ જાળવી શકાય અને થોડાક શેરો આ ભાવે લઈ પણ શકાય.

ટાઈટનના શેરમાં પણ તોફાની તેજી આગળ વધતી જાય છે. ગયા અંક વખતે ટાઈટનમાં કમાવાશે તેવું હેડિંગ આપ્યું હતું અને તે પછી આ શેર રૂા. ૨૭૩૩ના લેવલથી વધીને અત્યારે રૂા. ૨૭૭૩ ઉપર આવ્યો છે અને હજી આ શેરમાં પ્રોફિટ બુકિંગનો વિચાર ન કરતા. આવતા થોડા દિવસોમાં જ આ શેરમાં રૂા. ૨૮૦૦ અને તે પછી ઝડપથી રૂા. ૨૮૨૮નો ભાવ આવી જવાની ગણતરી છે.

બેંકિંગ સેક્ટરમાં **સ્ટેટ બેંક** રૂા. ૫૭૮ ઉપર છે અને તેમાં એકદમ ધીમો સુધારો આગળ વધવાની ગણતરી, આવતા થોડા દિવસો થાકી જવાય તેટલા ધીરે ધીરે રૂા. ૫૮૬ ઉપર આવશે અને એક વખત રૂા. ૫૯૫નું લેવલ પસાર થાય તે પછી આ શેર તોફાની ઉછાળા સાથે રૂા. ૬૧૩ સુધી પહોંચી જવાની ગણતરી છે.

સુંદર પરિણામો પછી **એક્સિસ બેંક**ના શેરમાં પણ ખેલાડીઓનું આકર્ષણ વધતું જાય છે. માર્ચ ક્વાર્ટર દરમ્યાન સિટી બેંક ટેઈકઓવર કરવાને કારણે જે ખર્ચો પડ્યો તેને કારણે બેંકે નુકસાન દર્શાવેલું પરંતુ આ નુકસાન અંગે રોકાણકારો તૈયાર જ હતા. અત્યારના રૂા. ૯૧૧વાળા આ શેરમાં રોકાણ વધારતા જવાય અને આવતા ત્રણથી ચાર મહિના દરમ્યાન આ શેર તોતીંગ ઉછાળા સાથે રૂા. ૧૧૦૦નું લેવલ પસાર કરી નાખે તો સહેજ પણ નવાઈ નહિ લાગે.

રૂા. ૧૨૭૬વાળા **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**ના શેરમાં પણ સુંદર ઉછાળાની જગ્યા છે. વેચાણો જોરદાર વધ્યા છે. આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૩૨૩નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

એસબીઆઈ લાઈફના શેરમાં પણ રૂા. ૧૧૮૭ના ભાવે સુંદર ઉછાળાની જગ્યા છે. અને આવતા થોડા દિવસો દરમ્યાન આ શેર રૂા. ૧૨૨૪ ટચ કરી નાખે તો સહેજ પણ નવાઈ નહિ લાગે.

મંદીના આવા માહોલ વચ્ચે રૂા. ૧૨૪૫ ઉપરના **ઇન્ફોસીસ**માં હજી નબળાઈનો તબક્કો છે અને આવતા થોડા દિવસોમાં આ શેર વધારે ઘટીને રૂા. ૧૨૩૭ અને તે પછી વધારે ઘટીને રૂા. ૧૨૩૦ સુધી ઉતરી જવાની ગણતરી છે.

ઇસ્ટર ઇન્ડસ્ટ્રીઝનો શેર અત્યારે રૂા.૧૨૭ ઉપર ચાલે છે, નફો ખૂબ જ સુંદર છે અને તે પાછળ આવતા થોડા દિવસોમાં રૂા. ૧૩૭ અને તે પછીના ઉછાળે રૂા. ૧૬૭ના ભાવની સંભાવના ખૂબ જ મજબૂત છે.

થોડા મહિના પહેલા આઈપીઓ લઈને આવેલી **સુપ્રિયા ઇન્ડસ્ટ્રીઝ**નો શેર અત્યારે રૂા. ૨૪૮ ઉપર ચાલે છે અને થોડાક શેરો શોર્ટટર્મ માટે લઈને મૂકી દેજો, આવતા થોડા દિવસો દરમ્યાન આ શેરમાં રૂા. ૨૬૮ અને તે પછી રૂા. ૩૦૮ના ભાવની સંભાવના ખૂબ મજબૂત છે.

તાતા ગ્રૂપ હસ્તકની **રસેલ ઇન્ડિયા**ના શેરમાં પણ કરન્ટ શરૂ થયો છે. અત્યારે રૂા. ૨૯૦ ઉપર છે અને તાતા ગ્રૂપનો આ શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૩૩૦ અને તે પછીના ઉછાળે રૂા. ૩૬૦ ઉપર પહોંચી જાય તે સંભાવના મજબૂત.

વિવિધ પ્રકારના એન્ઝાઈમ શરીરની મરામત માટે જરૂરી છે. અને અનેક દવાઓ અત્યારે એન્ઝાઈમ આધારિત બની ગઈ છે. અમેરિકામાં વિવિધ પ્રકારના એન્ઝાઈમની નિકાસ કરતી **એડવાન્સ એન્ઝાઈમ**નો શેર અત્યારે રૂા.૨૯૦ના મફતના ભાવે મળે છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ખૂબ જ સુંદર ઉછાળા સાથે રૂા. ૩૩૦ના ભાવની સંભાવના મજબૂત છે. નાનું રોકાણ કરી શકાય.

પાવરમેક કોર્પોરેશનનો શેર અત્યારે રૂા. ૩૧૫૧ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૨૫૧ અને તે પછી ધીરે ધીરે રૂા. ૩૫૯૫ના ભાવની સંભાવના મજબૂત છે. પાંચેક શેર લઈને મૂકી શકાય.

ડ્રાઈવર ?

ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com



શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ રૂા. ૬૪૪૪ વાળી **સનોફી ઇન્ડિયા**ના શેરમાં શિફ્ટ થયું છે. આ મલ્ટિનેશનલ કંપનીનો શેર રૂા. ૬૫૫૫ અને તે પછી રૂા. ૬૯૮૦ ઉપર પહોંચી જાય તો સહેજ પણ નવાઈ નહિ લાગે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

રૂા. ૪૫ ઉપર મળતો **હબ ટાઉન**નો શેર અત્યારે તેજીના ખેલાડીઓના હાથ ઉપર ચડ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૫૨ અને તે પછીના ઉછાળે રૂા. ૫૭ના ભાવની ગણતરી છે. ૫૦-૧૦૦ શેરનું જોખમ લઈ શકાય.

ઝેન્સાર ટેકનોલોજીનો શેર છેલ્લા થોડા દિવસોમાં ખૂબ જ ઝડપથી વધીને રૂા. ૩૪૦ ઉપર આવ્યો છે અને હવે આ શેરમાં વધારે લોભ ન રાખતા પ્રોફિટ બુકિંગ માટે તૈયાર રહેવું, ગમે ત્યારે આ શેર નેગેટીવ સમાચારને કારણે એકદમ તૂટી જાય તે ભય છે.

આવો જ ઝડપી ઉછાળો **પટેલ એન્જિનિયરિંગ**ના શેરમાં પણ જોવાયો છે અને છેલ્લા થોડા દિવસોમાં રૂા. ૧૫થી વધીને રૂા. ૨૬.૬૦ ઉપર આવી ગયેલા આ શેરમાં હવે રૂા. ૨-૩ હજી વધી શકે પરંતુ તીવ્રતાથી કરેકશન માટે પણ તૈયાર રહેવું.

પરાગ મિલ્કનો શેર લેવડાવતા હતા અને આ શેર પણ અત્યારે રૂા. ૧૦૭.૫૦ ઉપર આવ્યો છે. રૂા. ૬૮ના ભાવથી આ શેર ભેગા કરવાનું દર્શાવતા હતા અને હવે તેમાં વધારે લોભ ન રાખવો સલાહભરેલ છે.

રૂા. ૬૦.૯૫ વાળા **ઇન્ડિયન ટેરેઈન**ના શેરમાં પણ શોર્ટટર્મ ખેલાડીઓ સક્રિય થઈ ગયા છે. ટેક્ષટાઈલ ઉદ્યોગના નાના શેરોમાં અત્યારે જોરદાર ફેન્સી છે અને મોટા માથાઓ નાની બ્રાન્ડોને ટેઈકઓવર કરી રહ્યા છે. આવતા થોડા દિવસોમાં ૧૦ ટકા વધીને રૂા. ૬૬ અને તે પછી બીજા ૧૦ ટકા સાથે રૂા. ૭૩ના ભાવની સંભાવના મજબૂત છે. ૫૦-૧૦૦ શેરનું જોખમ લઈ શકાય.

રૂા. ૩૦૨ ઉપરના **ઉજ્જીવાન ફિનાન્સ**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. ઉજ્જીવાન સ્મોલ ફિનાન્સનો શેર આવતા થોડા દિવસોમાં ૧૦ ટકા વધીને રૂા. ૩૩૩ ઉપર પહોંચી જાય તેવી ગણતરી છે.

માન ઇન્ડસ્ટ્રીઝનો શેર ગયા અંક વખતે લેવડાવેલો અને તે પછી અત્યારે રૂા. ૧૧૪.૫૫ ઉપર આવી ગયો છે અને આ શેરમાં આવતા થોડા દિવસોમાં એકદમ કરેકશન શરૂ થઈ જવાની સંભાવના છે.

તેવી જ રીતે **કેપેસિટ્સ ઇન્ફ્રા**નો શેર છેલ્લા થોડા દિવસોમાં વધીને રૂા. ૧૬૧ ઉપર પહોંચી ગયો છે અને આ શેરમાં રૂા. ૧૬૮-૧૭૮ વચ્ચેની રેન્જમાં પ્રોફિટ બુકિંગ શરૂ કરી દેવું.

રૂા. ૩૦.૬૫ના ભાવે મળી રહેલા **ઉજ્જીવાન સ્મોલ ફિનાન્સ બેંક**માં પણ આવતા થોડા દિવસોમાં રૂા. ૩૩-૩૪નો ભાવ આવી જાય તેવી ગણતરી છે.

ગ્રાઈન્ડવેલ નોટર્ન અત્યારે રૂા. ૧૯૯૦ ઉપર ચાલે છે અને આ શેરમાં વધારે મજબૂત ઉછાળાની જગ્યા છે. આવતા થોડા દિવસોમાં ઝડપથી રૂા. ૨૧૩૧ અને તે પછી રૂા. ૨૨૯૨ પહોંચી જવાની સંભાવના મજબૂત છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

રૂા.૨૦૧ના ભાવે **ટીડી પાવર સિસ્ટમ**ના શેરમાં ફરી એક વખત ઝડપી ઉછાળો ડયૂ છે અને તેથી આ શેરને ધ્યાનમાં રાખવો.

ગયા અંકમાં મુંબઈની **શેલેટ હોટલ**નો શેર લેવડાવેલો અને પછી ગયા અંકના રૂા. ૩૮૦ના લેવલથી વધીને રૂા. ૪૧૭ ઉપર બંધ આવેલા આ શેરમાં હવે વધારે લોભ રાખવો સલાહભરેલ નથી, રોકડી કરતા જવી સલાહભરેલ.

ઉદેપુર સિમેન્ટમાં પણ ગયા અઠવાડિયે પ્રોત્સાહક પરિણામો આવ્યા છે. રૂા. ૨૯.૯૦વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૩૪ના ભાવની ગણતરી છે. અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

બાસમતી ચોખાનું ઉત્પાદન અને નિકાસ કરતી **કેઆરબીએલ**માં પણ મોટા માથાને રસ પડ્યાના સમાચાર આવ્યા છે. રિલાયન્સ વગેરે કંપનીઓ અત્યારે આવી મજબૂત બ્રાન્ડને હસ્તગત કરી રહી છે અને તે પાછળ રૂા. ૪૦૪વાળા કેઆરબીએલમાં આવતા થોડા દિવસોમાં જ આંકડાની અદલાબદલી સાથે રૂા. ૪૪૦ના ભાવની ગણતરી છે અને તે પછીના ઉછાળે રૂા. ૪૬૪નો ભાવ પણ આવી જાય તો નવાઈ નહિ લાગે.

મુંબઈ ખાતે મુખ્ય મથક ધરાવતી **એનઆરબી બેરિંગ**માં પણ કરંટ શરૂ થઈ ગયો છે. આ કંપની ઓટોમોબાઈલ બેરિંગોનું ઉત્પાદન અન ેસપ્લાય કરે છે અને તેમાં માર્ચ ક્વાર્ટરમાં વેચાણો અને નફો જોરદાર રહ્યા. રૂા.૧૫૫થી ઊંચકીને આ શેરને રૂા. ૧૭૫ ઉપર ઝડપથી લાવી દે તો સહેજ પણ નવાઈ નહિ લાગે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **મુથુટ કેપિટલ**ના શેરમાં પણ શિફ્ટ થયું છે. આગામી દિવસોમાં રૂા. ૩૧૯વાળો શેર ઝડપથી ઊંચકાઈને રૂા. ૩૬૧-૩૮૧ના ભાવની સંભાવના ખૂબ જ મજબૂત.

રૂા. ૧૩૦૬ ઉપરના **હેવલ્સ ઇન્ડિયા**ના શેરમાં પણ તોફાની ઉછાળાની જગ્યા છે અને શોર્ટટર્મમાં જ આ શેર રૂા.૨૦૦ની નોટ આપી જાય તો સહેજ પણ નવાઈ નહિ લાગે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

રૂા. ૨૧૮ ઉપર મળતા **જીઈ ટ્રાન્સમિશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન** પાસે અત્યારે જોરદાર ઓર્ડરો છે અને આવતા થોડા દિવસોમાં ઝડપથી રૂા. ૨૪૮ અને તે પછી રૂા.૨૬૦ ઉપર પહોંચી જવાની સંભાવના મજબૂત.

વર્ધમાન પોલિફિલ્મ્સનો શેર અત્યારે રૂા. ૩૯ ઉપર મળી રહ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૪૪ના ભાવની ગણતરી છે. બે અઠવાડિયા પહેલા જ આ શેરે રૂા. ૪૬નું લેવલ બતાવેલું અને તે પછી પ્રોફિટ બુકિંગ પછી ભાવ અત્યારે રૂા. ૩૯.૨૦ ઉપર મળી રહ્યો છે.

અનુપમ રસાયણના શેરમાં પણ કરંટની વાત દર્શાવેલી. છેલ્લા ત્રણ અઠવાડિયાથી આ શેર કવર કરાવીએ છીએ અને એપ્રિલની શરૂઆતથી રૂા. ૮૧૨ના લેવલથી વધીને રૂા. ૧૧૬૬ ઉપર આવી ગયો છે. થોડુંક પ્રોફિટ બુકિંગ કરવું હોય તો કરી શકાય. બાકી શાંતિપૂર્વક જાળવી રાખશો તો વધારે સારો નફો મળી શકશે.

ઓટોમોબાઈલ સેક્ટર સાથે સંકળાયેલી **ઈઝમો** પણ ભેગા કરવાનું દર્શાવેલું. અત્યારે રૂા.૧૩૬ ઉપર ચાલે છે અને તેમાં રોકાણ જાળવી રાખજો, નાના કરેકશન પૂરું થયા પછી આ શેરમાં નવી તેજીની જગ્યા દેખાય છે.

આવો જ તોતીંગ ઉછાળો હતી **કામઠ હોટલ**ના શેરમાં પણ બાકી છે. અત્યારે રૂા.૧૮૦ ઉપર ચાલે છે અને આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૦૨ અને તે પછી રૂા. ૨૧૨ના ભાવની ગણતરી છે. પરિણામનો ખૂબ જ સુંદર સપોર્ટ આ શેર મેળવી રહ્યો છે.

રૂા. ૪૦૦વાળા **ત્રિવેણી ટર્બાઈન**ના શેરમાં પણ એકદમ જોરદાર કરન્ટ ચાલી રહ્યો છે અને આવતા થોડા દિવસોમાં જ રૂા. ૪૩૩ અને તે પછીના ઉછાળે રૂા. ૪૬૩ના ભાવની સંભાવના છે. દસેક શેરનું કામકાજ કરી શકાય.

ન્યૂલેન્ડ લેબોરેટરીના શેરમાં છેલ્લા થોડા દિવસોમાં ખૂબ જ ઝડપી ઉછાળો જોવાયો અને હવે આ શેરમાં વધારે લોભ ન રાખતા નીકળી જવું સલાહભરેલ. અત્યારે આ શેર રૂા. ૨૫૮૨ ઉપર આવી ગયો છે.

રૂા. ૧૫૫ના ભાવે **પ્રીશનસ કેમસાફ્ટ**માં પણ હજી ઉછાળાની જગ્યા બાકી છે. ઓટોમોબાઈલ સેક્ટરની તેજીને કારણે કેમસાફ્ટના વેચાણો અને નફામાં ઉછાળો આવ્યો છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૧૬૫ અને તે પછી રૂા. ૧૭૫નો ભાવ જોવા મળી જાય તે સંભાવના મજબૂત છે.

આયર્ન એક્સચેન્જ અત્યારે રૂા. ૩૯૧૩ ઉપર ચાલે છે. પોલ્યુશનને અંકુશમાં લાવવાના વિવિધ પ્રકારના ઈક્વીપમેન્ટનું ઉત્પાદન આ કંપની દ્વારા થઈ રહ્યું છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૯૧૩ વાળો આ શેર રૂા. ૪૦૨૩ અને તે પછીના ઉછાળે રૂા. ૪૧૪૧નો ભાવ બતાવી દે તે સંભાવના છે અને તેથી રોકાણ જાળવી શકાય.

ગયા અંક વખતે **ટીજીબી હોટલ**નો શેર પકડવાનું કહ્યું હતું અને રૂા.૯-૧૦ વચ્ચેના ભાવથી અત્યારે રૂા.૧૩.૩પનું લેવલ આવી ગયું છે અને હવે આ શેરમાં આંશિક પ્રોફિટ બુકિંગ કરી દેવાય.

લિંકપેનના શેરમાં પણ સુંદર ઉછાળો શરૂ થઈ ગયો છે. બે અંક પહેલા આ શેર આ કોલમમાં લેવાનું કહ્યું હતું અને તે પછી વધીને રૂા. ૬૬૬ ઉપર તો આવી ગયો. આવતા થોડા દિવસોમાં આ શેર વધારે ઝડપથી વધીને રૂા. ૭૦૦ અને તે પછી રૂા. ૭૨૦ ઉપર પહોંચી જાય તે સંભાવના છે.

રૂા. ૮૨૯ ઉપર આવી ગયેલા **સૂર્યા રોશની**માં પણ હવે વધારે ખેંચવાને બદલે પ્રોફિટ બુકિંગ કરી શકાય. શેર ગમે ત્યારે તૂટી જવાનો ભય વધ્યો છે.

પોલ્યુશનને અંકુશમાં રાખવા માટેના ઈક્વીપમેન્ટ બનાવતી **વાટેક વાબાગ** પાસે અત્યારે વોટર મેનેજમેન્ટના જંગી ઓર્ડરો છે. વાટેક વાબાગનો શેર અત્યારે રૂા. ૪૩૦ ઉપર છે અને આ શેરમાં આવતા થોડા દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૪૫૩ અને તે પછી રૂા. ૪૭૩ના ભાવની સંભાવના મજબૂત છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

બર્જર પેઈન્ટ અત્યારે રૂા. ૬૩૩ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં આ શેર ઝડપથી વધીને રૂા. ૬૫૨ અને તે પછી રૂા. ૬૬૨ ઉપર પહોંચી જવાની સંભાવના છે.

સરકાર હસ્તકની **આઈઆરસીટીસી**માં અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને હજી તેજીનો શરૂઆતનો તબક્કો હોવાથી ઉછાળો ધીમો રહેશે તેમ છતાં રૂા. ૬૨૮વાળો આ શેર આગામી દિવસોમાં રૂા. ૬૪૨ અને તે પછી રૂા. ૬૫૪નો ભાવ બતાવી દે તેવી ગણતરી છે.

પીડીલાઈટના પ્રોત્સાહક પરિણામો પછી આ શેરમાં પણ આકર્ષણ વધી રહ્યું છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૨૫૮૭ના લેવલથી ઊંચકાઈને રૂા. ૨૭૦૨ ઉપર પહોંચી જવાની ગણતરી છે. થોડાક શેરો લઈને મૂકી શકાય.

રૂા. ૮૩.૩પના મફતના ભાવે મળતો **ઇન્ડિયન ઓઈલ**નો શેર રૂા.૧૫૦ના લેવલ ઉપર યોગ્ય વેલ્યૂએશનવાળો ગણી શકાય, પરંતુ હવેની તેજી આ શેરને ઝડપથી ઊંચકી દે તે સંભાવના છે. અને તેથી થોડાક શેરો અત્યારના ભાવે લઈને મૂકી શકાય.

રૂા. ૧૬૨૮ ઉપરના **કોલગેટ**ના શેરમાં પણ હવે મજબૂત કરંટ દેખાય છે. એફએમસીજી અને ખાસ કરીને ગ્રામ્ય ભારતની માંગમાં નોંધપાત્ર સુધારો શરૂ થઈ ગયો છે અને તેથી ટૂથપેસ્ટના બિઝનેસના આ શેરમાં આવતા થોડા દિવસોમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૧૬૮૬ અને તે પછી રૂા. ૧૭૧૭ના ભાવની ગણતરી છે.

કરેકશન પૂરું કરીને **કેનેરા બેંક**નો શેર પણ હવે તેજીતરફી થવાની તૈયારીમાં છે. અત્યારે ફક્ત રૂા. ૨૯૭ ઉપર ચાલે છે અને તેમાં એસઆઈપીની રીતે થોડા થોડા શેરો આવતા ત્રણથી ચાર અઠવાડિયા ભેગા કરી લેજો, અતિશય ધીમા અપટ્રેન્ડ સાથે આ શેરમાં રૂા. ૩૧૧નો ભાવ જોઈ શકાશે પરંતુ એક વખત રૂા. ૩૧૭નું લેવલ પસાર થાય તે પછી આ શેરમાં એકદમ ઝડપી તેજીની ગણતરી છે.

રૂા. ૩૯૨ના ભાવે **અદાણી વિલ્મર**ના શેરમાં હજી મોટા ઘટાડાની જગ્યા દેખાય છે. ભાવ ધીરે ધીરે ઘટીને રૂા. ૩૮૧-૩૮૭ સુધી ઉતરી જવાની ગણતરી છે. તેવી જ રીતે **અદાણી ટોટલ ગેસ** અત્યારે ઘટીને રૂા. ૮૧૮ ઉપર આવી ગયો છે અને હજી પણ આ શેર ઉપર મંદીના ખેલાડીઓની પકડ છે. આવતા થોડા દિવસોમાં વધારે ઘટીને રૂા. ૭૮૨ થઈ જવાની સંભાવના મજબૂત છે.

રૂા. ૮૮૫ ઉપરના **અદાણી ટ્રાન્સમિશન**ના શેરમા ંપણ મંદીના ખેલાડીઓ જોરદાર સક્રિય છે અને આ શેરને આવતા થોડા દિવસોમાં વધારે ઝડપથી તોડીને રૂા. ૮૫૬ સુધી ઉતારી દેવાય તો સહેજ પણ નવાઈ નહિ લાગે.

છેલ્લા ત્રણ અઠવાડિયાથી વૈશ્વિક અને ભારતીય શેરબજારમાં રોકાણકારોના સેન્ટીમેન્ટમાં નોંધપાત્ર સુધારો જોઈ શકાય છે અને ગુરુવારે અમેરિકામાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્ષમાં ધીમો સુધારો જોવાવાને કારણે હવે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં મોટો વધારો નહિ કરાય અથવા તો વ્યાજદરમાં વધારો અટકાવી દેવાશે તે આશાવાદ વધ્યો છે.

એપ્રિલ મહિનાના પ્રોડ્યુશર પ્રાઈસ ઈન્ડેક્ષમાં કેવળ ૦.૨ ટકાનો વધારો જોવાયો છે અને તેની સરામણીમાં ડાઉજોન્સનો અંદાજ હતો કે ૦.૩ ટકાનો અંદાજ જોવાશે. જ્યારે માર્ચ મહિના દરમ્યાન પ્રોડ્યુશર પ્રાઈસ ઈન્ડેક્ષમાં ૦.૪ ટકાનો ઘટાડો જોવાયો હતો. અને એનર્જીના ભાવ બાદ કરીએ તો મહત્ત્વના પ્રોડ્યુશર પ્રાઈસ ઈન્ડેક્ષમાં કેવળ ૦.૨ ટકાનો વધારો થયો છે અને આ ટ્રેન્ડને આધારે હવે અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે અમેરિકામાં ફુગાવો અંકુશ હેઠળ આવતો જાય છે અને અત્યાર સુધી ફુગાવાને નાથવા માટે જ અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં સતત વધારો કરાતો હતો અને તેથી હવે જો ફુગાવો અંકુશ હેઠળ આવી જાય તો હવેની મિટિંગમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર નહિ વધારાય તે આશાવાદ વધ્યો છે અને તે પાછળ ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ ઈન્ડેક્ષમાં સુધારાનો ટ્રેન્ડ જોવાયો છે.

સામે પક્ષે સતત ચાર સેશન વધ્યા પછી શુક્રવારે સેન્સેક્ષ અને નિફ્ટીમાં પ્રોફિટ બુકિંગને કારણે ઘટાડો જોવાયો હતો અને આ કેવળ પ્રોફિટ બુકિંગને કારણે જોવાયેલો ઘટાડો છે અને તેનો કોઈ સંબંધ આર્થિક બાબતો કે રાજકીય બાબતો સાથે નથી.

બીજી તરફ કર્ણાટકમાં ગયા અઠવાડિયે વિધાનસભાની ચૂંટણીઓ શાંતિપૂર્વક પૂરી થઈ ગઈ છે અને હવે ચાણક્યના એક્ઝિટ પોલ અનુસાર કોંગ્રેસને સ્પષ્ટ રીતે બહુમતી મળી જાય તે સંભાવના છે.

બીજી તરફ ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટ દ્વારા બે મહત્ત્વના ચુકાદા અપાયા અને તેમાં દિલ્હી સરકારની સત્તાઓ અંગે સુપ્રીમ કોર્ટે મહત્ત્વની સ્પષ્ટતા કરી. છેલ્લા ઘણા મહિનાઓથી દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર સક્રિયતાથી કામ ન કરી શકે તે માટે ગવર્નરના માધ્યમથી રોડા નાખવામાં આવતા હતા અને કેવળ આમ આદમી પાર્ટીની સરકાર હેરાન થયા કરે અને પ્રજાને ખુશ કરાય તેવા કામ ન થાય તે માટે જ ગવર્નર વિઘ્નો ઊભા કરે છે તે આપણે સૌ સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા. નૈતિક રીતે અને લોકશાહીની રીતે આ તદ્દન ખોટું હોવા છતાં ઘણા મહિનાઓ સુધી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ અને આખરે તેનો ચુકાદો આવ્યો છ